

સવિકલ્પદશા વખતે જ હું દ્રવ્યસ્વભાવે નિર્વિકલ્પ સહજ પરમતત્ત્વ છું—એમ જેને પર્યાયમાં સ્વીકાર આવ્યો ત્યાં તે જીવને ભાવકર્મનું કર્તા-ભોક્તાપણું છૂટી ગયું ને તેનો માત્ર જ્ઞાતા રહી ગયો.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૨૦ સં. ૨૦૫૬ [૬૭૩] * આત્મધર્મ * [અંક-૫ વર્ષ-૫૬] વીર સં. ૨૫૨૬ નવેમ્બર-૧૯૯૯

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ (જીવને) તત્કાલ મરણ ભાસે તોપણ તે મરણને ન ગણતાં વિષયોનું ગ્રહણ કરે છે. તેથી મરણ થવા કરતાં પણ ઇન્દ્રિયોના વિષયસેવનની પીડા અધિક જણાય છે, એ ઇન્દ્રિયોની પીડાથી સર્વ જીવો પીડિત બની નિર્વિચાર થઈ, જેમ કોઈ દુઃખી માણસ પહાડ ઉપરથી પડતું મૂકે તેમ, વિષયોમાં ઝંપાપાત કરે છે. ૫૯૫.

*(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ.-૩, પાનું-૫૧)*

❀ મધ્યમપાત્ર જબ અપનેકો ભાવશ્રુતજ્ઞાનકા દાન દેતે હૈં તબ વહ અપનેકો આહારદાન કરતે હૈં ક્યોંકિ ભાવશ્રુતજ્ઞાનમેં સમયસારકા જ્ઞાન હોનેસે ઉનકો પરમ તૃપ્તિ મિલતી હૈ. જબ વે મધ્યમપાત્ર અપને આત્મામેં ભાવશ્રુતજ્ઞાન દ્વારા રમન કરતે હૈં તબ વે આનંદમય હો જાતે હૈં. યહ સચ્ચા પાત્રદાન હૈ. ઈસ અનુપમ પાત્રદાનસે સૂક્ષ્મ કર્મકે સ્કંધ જો બંધ પ્રાપ્ત થે ઉનકી નિર્જરા હો જાતી હૈ. ૫૯૬.

*(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૭૫)*

❀ રે જીવ! તું અજ્ઞાની-મિથ્યાદૃષ્ટિ જીવોના દોષનો શા માટે નિશ્ચય કરે છે?—તે તો મિથ્યાદૃષ્ટિ છે જ; તું તારા આત્માને પોતાને જ કેમ નથી જાણતો? જો તને નિશ્ચય સમ્યક્ત્વ ન હોય તો તું પણ દોષવાન છો. માટે જિનવાણી અનુસાર તું દૃઢ શ્રદ્ધા કર. ૫૯૭.

*(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૭૦)*

❀ જો કર્મકો મૈં ઉદયમેં લાકર ભોગને ચાહતા થા, વહ કર્મ આપ હી આ ગયા, ઈસસે મૈં શાંતચિત્તસે ફલ સહનકર ક્ષય કરું, યહ કોઈ મહાન હી લાભ હુઆ. ૫૯૮.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૧, ગાથા-૧૮૩)*

❀ હે પ્રાણી! તમે જુઓ તો ખરા આ મોહનું માહાત્મ્ય! કે પાપવશ મોટો રાજા પણ મરીને વિષ્ટાના કીડામાં જઈને ઉત્પન્ન થાય છે અને ત્યાં જ તે રતિ માને છે-ક્રીડા કરે છે. ૫૯૯.

*(શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા-૬૩)*

*

કહાન
સંવત-૨૦
વર્ષ-૫૬
અંક-૫
[૬૭૩]

વીર
સંવત
૨૫૨૬
સં. ૨૦૫૬
Nov.
A.D. 1999

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## ગુરુકહાન પ્રતિ ઉપકૃતભાવભીની શ્રદ્ધાંજલિ

(કારતક વદ-૭, તા. ૨૯-૧૧-૯૯)

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમું હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમું હું.**

હે અકારણ કરુણાસાગર ગુરુદેવ !

આપની જ્ઞાન-ગંગોત્રીમાંથી ૪૫-૪૫-વર્ષો સુધી વહેલી અધ્યાત્મગંગા—કે જે આપશ્રીની ગેર-ઉપસ્થિતિમાં પણ ટેપ-રેકોર્ડિંગના માધ્યમથી આજે પણ વહી રહી છે ને C.D. આદિના માધ્યમથી પંચમ આરાના અંત સુધી ધસમસતી વહેતી રહેનાર છે તે અધ્યાત્મગંગા—ના અનુપાન વડે ભવ્ય જીવો, જેવી રીતે સાક્ષાત્ શ્રી જિનદેવના સમવસરણમાં બેસી દિવ્યધ્વનિના શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત કરનાર ભવ્ય જીવ સંસાર-સમુદ્રમાં ડૂબી જતો નથી; જેવી રીતે સમુદ્રમાં હજારો નદીઓના પાણીના પૂરના પૂર આવી પડે તોપણ તેને પોતામાં સમાવી લ્યે છે પણ સમુદ્ર માઝા મૂકતો નથી; જેવી રીતે સર્પ સાથે લડતો નોળીયો વારંવાર નોળવેલને સૂંઘી લેતો હોવાથી સર્પ-વિષની અસર પામતો નથી; તેવી રીતે દ્રવ્યદૃષ્ટિપ્રકાશક મૂળભૂત પ્રરૂપણાથી જુદી પડતી નય-સાપેક્ષ અનેક પ્રકારની

પ્રરૂપણામાં ક્યાંય અટવાઈ જતો નથી અને સ્વાનુભૂતિમાર્ગને સમજી લ્યે છે તે આપશ્રીનો જ પરમ પરમ ઉપકાર છે.

હે ગુરુદેવ !

જેવી રીતે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવના પરમ અધ્યાત્મ શાસ્ત્રોનું સામાન્ય જનસમુદાય સમજી શકે તેવી સરળ ભાષામાં તરજુમો થયો ન હોત તો અમ અલ્પબુદ્ધિ જીવોને શાસ્ત્ર-અભ્યાસ શક્ય ન બનત; જેવી રીતે આપના પ્રવચનોનું રેકોર્ડિંગ થયું ન હોત તો ભાવી મુમુક્ષુ શાસ્ત્રના અભ્યાસ છતાં તેના ભાવો સમજી ન શકત; તેવી રીતે હે ગુરુદેવ ! આપે આચાર્યોના અંત:કરણને પારખી લઈને શાસ્ત્રના શબ્દોમાં છૂપાયેલ મૂળભૂત પ્રયોજનભૂત પારમાર્થિક ભાવોને જો ખોલ્યા ન હોત તો આજે આપની અન-ઉપસ્થિતિમાં માત્ર શબ્દાર્થને પકડીને અમારી મતિ-કલ્પનાથી સ્વચ્છંદપૂર્વક ભાવો કલ્પીને અજાણપણે પણ દેવ-શાસ્ત્ર-ગુરુની વિરાધના કરતા થકા વિપરીત માર્ગે ચઢીને સંસાર-સમુદ્રમાં ગોથા ખાતા થઈ ગયા હોત !

હે ગુરુદેવ !

આપની અન-ઉપસ્થિતિમાં, પરમાગમોના અધ્યયન વખતે આપની ટેપ-વાણી તથા ટેપમાંથી સંકલિત શાસ્ત્રોના અભ્યાસના કારણે પરમાગમોમાં કેટલા ગહન રહસ્યો ભર્યાં છે તે વધુને વધુ સ્પષ્ટ સમજાતા જાય છે. જેમ જેમ એ ગહન રહસ્યોના ભાવો સ્પષ્ટ સમજાતા જાય છે તેમ તેમ આપના અપાર ઉપકારની ગહનતા વિશેષ વિશેષ સમજાતી જાય છે. ફળસ્વરૂપે શાસ્ત્રમાં પાત્ર શિષ્યની વ્યાખ્યા બાંધતા જે કહ્યું છે કે ગુરુ કહે રાત તો શિષ્ય કહે રાત...શિષ્ય તર્ક ન કરે કે અત્યારે તો દિવસ છે ને ! એવા પાત્ર શિષ્ય બનવાની ભાવના બળવત્તર બનતી જાય છે; અને હે ગુરદેવ ! આપના પ્રત્યેની અર્પણતા જ અમને સંસારના ચક્રવ્યૂહમાંથી ઉગારી લેશે, કેમ કે જેવી રીતે આપના પ્રત્યેની અર્પણતામાં કચાશ-ખામી-દોષ એ મિથ્યાત્વને સુરક્ષિત રાખનારું વજ્રનું કવચ છે તેવી જ રીતે આપના પ્રત્યેની અત્યંત ઉપકૃતભાવભીની

અર્પણતા એ મિથ્યાત્વના ભૂક્કા ઉડાડી દેનારું વજ્ર-આયુધ છે.

તેથી હે વ્હાલા ધર્મપિતા !

આપ પ્રત્યેની ભક્તિ-ઉપાસનામાં કે સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક આપની મુખ્ય-ગૌણ કરવાની પ્રરૂપણાથી જરા પણ જુદા પ્રકારની તત્ત્વવિચારણા-તત્ત્વવાર્તા આદિ અજાણપણે પણ થવા પામ્યા હોય તો તે ભયંકર દોષોની, આજના આ ૧૯મી પુણ્યતિથિના દિને, અત્યંત પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા યાચના સાથે આપના ચરણોમાં અશ્રુભીની કોટીકોટી વંદના કરું છું. —સંપાદક

*

''આ છાપું (-માસિક-આત્મધર્મ) અહીંથી બહાર પડે છે એટલે એમાં અમે જે કહેતાં હોઈએ તે આવવું જોઈએ; એને બેસે કે ન બેસે ઈ સ્વતંત્ર છે પણ આમાં તો અમે જે કહેતાં હોઈએ તે આવવું જોઈએ.''

—પૂજ્ય ગુરુદેવશ્રી

★ શ્રી સમયસારની ગાથા ૧૦૯-૧૧૨મા કહે છે કે હે જ્ઞાનના ઈચ્છક પુરુષ! સાંભળ ! જે મિથ્યાત્વાદિ ભાવકર્મ છે તેનો કર્તા એક પુદ્‌ગલદ્રવ્ય જ છે, જીવ તેનો કર્તા નથી. મિથ્યાત્વથી માંડીને સયોગીકેવળી સુધીના તેર ગુણસ્થાનભેદો કે જેઓ પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે તેઓ જ વ્યાપ્ય-વ્યાપકભાવે મિથ્યાત્વાદિ ભાવકર્મને જો કરે તો ભલે કરે ! જીવને તેમાં શું આવ્યું? જીવ તો એકલો શુદ્ધ જ્ઞાનાનંદમય છે. આહાહા! જે જીવને આત્માની જિજ્ઞાસા થઈ છે ને સાંભળવા આવ્યો છે તેને હજુ થોડો કાળ મિથ્યાત્વાદિ ભાવ ભલે હો, પણ તે શુદ્ધ જીવનું લક્ષ કરવાનો જ છે, તેથી મિથ્યાત્વાદિ બધા ભાવો અલ્પકાળમાં ટળી જવાના છે, તેથી તે મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા પુદ્‌ગલ છે, શુદ્ધ જીવ કર્તા નથી. આહાહા ! —દ્રવ્યદ્રષ્ટિમાર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવશ્રી

**રાગ જીવના પોતાના અસ્તિત્વમાં થતો પોતાનો અપરાધ છે એટલો જેના જ્ઞાનમાં યથાર્થ સ્વીકાર આવ્યો છે એવા હે ભવ્ય જીવો ! નિઃસંદેહપણે જાણો :—**

★ રાગાદિ ચિદ્‌વિકારને (–ચૈતન્યવિકારોને) દેખી એવો ભ્રમ ન કરવો કે એ પણ ચૈતન્ય જ છે,...તેઓ ચેતન નથી, જડ છે. *—શ્રી સમયસાર, કળશ–૪૪ ભાવાર્થ*

★ નિશ્ચયથી વર્ણાદિભાવો–વર્ણાદિભાવોમાં રાગાદિભાવો આવી ગયા—જીવમાં કદી વ્યાપ્તા નથી તેથી તેઓ નિશ્ચયથી જીવના લક્ષણ છે જ નહીં.

*—શ્રી સમયસાર, કળશ–૪૨ ભાવાર્થ*

★ ...પરનિમિત્તથી થતા ચૈતન્યના વિકારો, જોકે ચૈતન્ય જેવા દેખાય છે તોપણ, ચૈતન્યની સર્વ અવસ્થામાં વ્યાપક નહિ હોવાથી ચૈતન્યશૂન્ય છે–જડ છે. વળી, આગમમાં પણ તેમને અચેતન કહ્યા છે...પુદ્‌ગલપૂર્વક થતાં હોવાથી તેઓ (ચૈતન્યના વિકારો) નિશ્ચયથી પુદ્‌ગલ જ છે કેમ કે કારણ જેવું જ કાર્ય થાય છે.

આ રીતે એમ સિદ્ધ કર્યું કે પુદ્‌ગલકર્મના ઉદયના નિમિત્તથી થતા ચૈતન્યના વિકારો પણ જીવ નથી, પુદ્‌ગલ છે. *—શ્રી સમયસાર, ગાથા–૬૮ ભાવાર્થ*

★ અહો જ્ઞાનીજનો ! આ વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો છે તે બધાય એક પુદ્‌ગલની રચના જાણો; માટે આ ભાવો પુદ્‌ગલ જ હો, આત્મા ન હો;...

*—શ્રી સમયસાર, કળશ–૩૯*

★ આ વર્ણથી માંડીને ગુણસ્થાનપર્યંત ભાવો સિદ્ધાંતમાં જીવના કહ્યાં છે તે વ્યવહારનયથી કહ્યાં છે; નિશ્ચયથી તેઓ જીવના નથી કારણ કે જીવ તો પરમાર્થે ઉપયોગસ્વરૂપ છે. *—શ્રી સમયસાર, ગાથા–૬૦ ભાવાર્થ*

★ ...માટે વર્ણથી માંડીને ગુણસ્થાનપર્યંત જે ભાવો છે તે વ્યવહારથી જીવના છે અને નિશ્ચયથી જીવના નથી એવું (ભગવાનનું સ્યાદ્‌વાદવાળું) કથન યોગ્ય છે.

*—શ્રી સમયસાર, ગાથા–૫૬*

★ જે વર્ણાદિક અથવા રાગમોહાદિક ભાવો કહ્યા તે બધાય આ પુરુષથી (આત્માથી) ભિન્ન છે. *—શ્રી સમયસાર, કળશ–૩૭*

★ આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો (વર્ણાદિકથી માંડીને ગુણસ્થાનપર્યંત) છે તે બધાય પુદ્‌ગલજન્ય છે—પુદ્‌ગલના જ છે. *—શ્રી સમયસાર, કળશ–૩૬*

★ નિશ્ચયથી, વિદ્યમાન ગુણસ્થાન, માર્ગણાસ્થાન, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ઈત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે તે બધાય એકલા પુદ્ગલદ્રવ્યનું કાર્ય છે અર્થાત્ પુદ્ગલના ચિતરામણ જેવા છે એમ હે જીવો ! નિઃસંદેહપણે જાણો.

*—શ્રી કળશટીકા, કળશ-૩૯*

★ અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિભાવ પરિણામોને જીવસ્વરૂપથી 'ભિન્ન' કહ્યાં, ત્યાં 'ભિન્ન'નો ભાવાર્થ તો હું સમજ્યો નહિ. 'ભિન્ન' કહેતાં, 'ભિન્ન' છે તે વસ્તુસ્વરૂપ છે કે 'ભિન્ન' છે તે અવસ્તુરૂપ છે ? ઉત્તર આમ છે કે અવસ્તુરૂપ છે. તે કારણે જ શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ છે જે જીવ તેને વિભાવ પરિણામ દૃષ્ટિગોચર નથી થતાં, ઉત્કૃષ્ટ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય દૃષ્ટિગોચર થાય છે.

*—શ્રી રાજમલ્લજી, કળશટીકા કળશ-૩૭*

★ જીવના કષાયાદિક જેટલા પરિણામ છે તે બધાં ચેતનાને નિમિત્તભૂત કરીને કર્મ દ્વારા ઉપજાવવામાં આવે છે, જેમ કુંભારનું નિમિત્ત પામીને માટીના પિંડ દ્વારા ઘટાદિક ઉપજાવવામાં આવે છે.

*—શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, શ્લોક-૩૯*

★ જે ગુણ કર્મોના ઉદયથી ઉત્પન્ન થયેલાં ઔદયિક છે, કર્મોના ઉપશમજન્ય ઔપશમિક છે તથા કર્મોના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલાં ક્ષાયોપશમિક છે અને જે વિવિધ શાસ્ત્રસમૂહ દ્વારા વર્ણીત થયેલાં છે—અનેક શાસ્ત્રોમાં જેમનું વર્ણન છે—તે બધાં ચેતના રહિત અચેતન છે.

*—શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિકાર-૨, શ્લોક-૪૯*

★ શરીર અને આત્મા બન્નેને એક માનનાર મોહી જીવો દ્વારા આ ગુણસ્થાનને જીવ કહેવામાં આવે છે, પરંતુ ભેદજ્ઞાનમાં નિપુણ વિવેકીજનો દ્વારા નહીં–વિવેકી જીવ તેમને પુદ્ગલરૂપ અજીવ બતાવે છે.

*—શ્રી અમિતગતિ આચાર્ય, શ્રી યોગસાર પ્રાભૃત, અધિકાર– ૨, ગાથા–૩૮*

★ આ આત્મા કર્મકૃત રાગાદિ અથવા શરીરાદિથી સંયુક્ત ન હોવા છતાં પણ અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે અને તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે. *—શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ગાથા-૧૪*

જ્ઞાનીનું લક્ષણ :

# જ્ઞાનસ્વરૂપમાં રહીને જ્ઞાતાપણે રાગાદિને જાણતો જ્ઞાની

"કોઈ (હિન્દી પ્રાન્તમાંથી) કહે છે કે (શ્રી સમયસાર ગાથા-૭૫ મા) આ પરિણામ છે તે જડના પરિણામ લેવા, જીવના વિકારી પરિણામ ન લેવા; એમ કહેતા હતા. કીધું, નહીં, એમ નથી. આ તો અંતરંગ ઉત્પન્ન થતું જીવના પરિણામ વિકારી મોહ-રાગ-દ્વેષ-સુખ-દુઃખ આદિ-એ કર્મનું પરિણામ છે, જીવનું નહીં. એ જીવના પરિણામ નહીં. જીવ તો શુદ્ધ પરિણામ—વસ્તુ છે તેના શુદ્ધ પરિણામ હોય એ અહીં સિદ્ધ કરવું છે. કર્તાકર્મ સિદ્ધ કરવું છે ને! તો આત્મા કર્તા થઈને કર્મ થાય તો શુદ્ધ થાય. કારણ કે એના ગુણો શુદ્ધ પવિત્ર આનંદકંદ છે, એ અનંત અનંત ગુણોનો પાર નથી એવો ભંડાર છે. છતાં અનંત ગુણમાં કોઈ એકેય ગુણ-કોઈ ગુણ—અનંતા અનંતા અનંતા અનંતામાં કોઈ ગુણ—રાગપણે થાય એવો કોઈ ગુણ નથી અને રાગપણે થાય ગુણ ને દ્રવ્ય તો તો ટળે નહીં-બેનમાં (બહેનશ્રીનાં વચનામૃતમાં) આવ્યું છે...

જીવમાં થતાં, જ્ઞાનીને, રાગ-દયા-દાન-વ્રત-ભક્તિ-પરમાત્માની સ્તુતિ એ બધા રાગ અંતરંગ કર્મના પરિણામ છે...

ભાઈએ પ્રશ્ન કર્યો હતો ને! કે—જીવ ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મથી રહિત છે તો અહીં (૭૫મી ગાથામાં) ભાવકર્મ-નોકર્મથી રહિત આવ્યું, દ્રવ્યકર્મ તો આવ્યું નહીં! પણ એ દ્રવ્યકર્મ જ ભાવકર્મરૂપે પરિણમે છે એમ અહીં લેવું છે એટલે દ્રવ્ય-ભાવ ને નોકર્મ ત્રણેય આવી ગયા..."

*—અધ્યાત્મરહસ્યોદ્‌ઘાટક પૂજ્ય ગુરુદેવ*

*[શ્રી સમયસાર ગાથા-૭૫ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી]*

શિષ્ય પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એ કઈ રીતે ઓળખાય ? જ્ઞાનીના લક્ષણ-એંધાણ-ચિહ્ન શું ? તેને ઉત્તરરૂપ ગાથા કહે છે :

**પરિણામ કર્મતણું અને નોકર્મનું પરિણામ જે**
**તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.**

## * ભાવકર્મ, દ્રવ્યકર્મ ને નોકર્મ બધુંય પુદ્ગલપરિણામ *

નિશ્ચયથી અંદરમાં થતો પર તરફની સાવધાનીના ભાવરૂપ મોહ, રાગ, દ્વેષ, સુખ, દુ:ખ આદિરૂપ અંતરંગમાં ઉત્પન્ન થતાં ભાવકર્મ ને દ્રવ્યકર્મના પરિણામ તથા સ્પર્શ, રસ આદિરૂપ બહાર ઉત્પન્ન થતા નોકર્મના પરિણામ, તે બધુંય પુદ્ગલપરિણામ છે. દયા-દાન આદિરૂપ જે પરિણામ છે તે પુદ્ગલના પરિણામ છે.

## * રાગાદિ પરિણામનો કર્તા પુદ્ગલદ્રવ્ય *

પરમાર્થે, જેમ માટી કર્તા ને ઘડો તેનું કાર્ય છે, માટી વ્યાપક ને ઘડો વ્યાપ્ય છે, ઘડાને ને માટીને એવો વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે, તેમ પુદ્ગલપરિણામને ને પુદ્ગલને જ વ્યાપ્યવ્યાપકપણાનો સદ્ભાવ હોવાથી પુદ્ગલપરિણામનો કર્તા પુદ્ગલ છે. અહીં સ્વભાવની દૃષ્ટિ સિદ્ધ કરવી છે તેથી રાગાદિ પરિણામનો કર્તા પુદ્ગલ દ્રવ્ય છે. કેમ કે વિજ્ઞાનઘન આત્માનું કાર્ય તો જ્ઞાન છે.

## * વીતરાગી પ્રભુ રાગપણે કેમ થાય ? *

પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલદ્રવ્ય પુદ્ગલપરિણામનો કર્તા છે એટલે કે દયા-દાન-વ્રતાદિ પરિણામને પુદ્ગલદ્રવ્ય સ્વતંત્રપણે કર્તા થઈને કરે છે. અહીં તો આત્માને જગતનો સાક્ષી સિદ્ધ કરવો છે ને ! જ્ઞાતાદૃષ્ટા સ્વભાવ વ્યાપક થઈને જે કાર્ય થાય તે જાણવા-દેખવારૂપ પરિણામ થાય. તેથી અહીં કહે છે કે કર્મ પોતે સ્વતંત્રપણે કર્તા થઈને વિકારના પરિણામને કરે છે. કેમ કે વીતરાગસ્વરૂપી પ્રભુ રાગપણે કેમ થાય ? તેથી પર્યાયમાં રાગાદિ થાય તેનો કર્તા પુદ્ગલકર્મ પોતે છે.

## * વિકારને કરે એવો આત્મામાં કોઈ ગુણ નથી *

અહીં સ્વભાવની દૃષ્ટિથી કથન કરવું છે ને સ્વભાવમાં વિકારને કરે એવો કોઈ ગુણ નથી. તેથી વિકારી પર્યાયનું કાર્ય આત્માનું નથી. કર્મ સ્વતંત્રપણે કર્તા થઈને પુદ્ગલપરિણામનો એટલે કે રાગાદિનો કર્તા છે અને રાગાદિ પુદ્ગલપરિણામ તે વ્યાપક વડે એટલે કે પુદ્ગલકર્મ વડે સ્વતંત્ર વ્યપાતું હોવાથી તેનું કર્મ છે. ભગવાનની

ભક્તિ-સ્તુતિનો કર્તા પુદ્‌ગલકર્મ છે એમ અહીં કહે છે! કેમ કે ભગવાનની ભક્તિ આદિના ભાવ પુદ્‌ગલકર્મ વડે વ્યપાતું હોવાથી તે પુદ્‌ગલકર્મનું કાર્ય છે.

## * કુંભાર ઘડાનો કર્તા નથી, આત્મા વિકારનો કર્તા નથી *

જેમ કુંભાર વ્યાપક ને ઘડો તેનું વ્યાપ્ય અર્થાત્‌ કુંભાર કર્તા ને ઘડો તેનું કાર્ય—એમ નથી, તેમ રાગાદિ પરિણામને ને આત્માને વ્યાપ્યવ્યાપકપણાના અભાવને લીધે કર્તાકર્મપણાનો અભાવ છે. દયા-દાન આદિના પરિણામને ને આત્માને, ઘડો ને કુંભારની જેમ, વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ છે એટલે કે આત્મા વ્યાપક થઈને વિકારને કરે એવો અભાવ છે. જેમ કુંભાર કર્તા ને ઘડો કર્મ—એમ નથી, તેમ આત્મા વ્યાપકકર્તા ને રાગાદિપરિણામ વ્યાપક-કાર્ય એમ નથી. પરમાર્થે કુંભાર ઘડાને કરતો નથી તેમ વિકારને આત્મા કરતો નથી. પરંતુ પુદ્‌ગલપરિણામના જ્ઞાનને એટલે કે વિકારના પરિણામ થયા તેના જ્ઞાનને અર્થાત્‌ જે કાળે દયા-દાન આદિ થયા તે કાળે સ્વપરપ્રકાશકપણાને લીધે જે જ્ઞાન સ્વયં થયું એ જ્ઞાનના કાર્યને આત્મા કરે છે, જ્ઞાનના કાર્યપણે આત્મા પરિણમે છે. અહીં તો પ્રભુની પ્રભુતાની વાત છે! પામરતા થાય તેનો કર્તા પ્રભુ ન હોય!

## * રાગાદિના કાળે ષટ્‌કારકથી સ્વતંત્રપણે પરિણમતું જ્ઞાન *

પુદ્‌ગલપરિણામના કાળે એટલે કે રાગાદિ પરિણામના કાળે સ્વતંત્રપણે જ્ઞાન પોતાના ષટ્‌કારકોથી પરિણમે છે. રાગના પરિણામનું જ્ઞાન એ આત્માનું કાર્ય એમ કહેવું એ પણ ભેદકથન વ્યવહાર છે ને જ્ઞાનનો કર્તા આત્મા એમ કહેવું પણ વ્યવહાર છે. રાગનો કર્તા તો આત્મા નથી પણ એ રાગ સંબંધી જ્ઞાનના પરિણામનો કર્તા આત્મા કહેવો એ પણ ઉપચાર છે. રાગનો કર્તા આત્મા નથી એમ સમજાવવું છે. તેથી આત્મા કોનો કર્તા છે?—કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા આત્મા છે એમ કહ્યું. પણ ખરેખર તો એ પણ ઉપચાર કથન છે. જ્ઞાનનો કર્તા જ્ઞાન પોતે છે.

વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઊઠ્યો તેનું જ્ઞાતાપણે જ્ઞાન કરે છે એ જ્ઞાનને કર્મપણે-કાર્યપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે, તે આત્મા જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે. જ્ઞાનીનું લક્ષણ શું? એમ શિષ્યનો પ્રશ્ન હતો ને!—તેનો આ ઉત્તર ચાલે છે.

રાગનું જે જ્ઞાન થયું એ જ્ઞાન આત્માનું કાર્ય કઈ રીતે છે તે હવે સમજાવે છે. દયા-દાન-વ્રત-ભક્તિ આદિનું જ્ઞાન એટલે કે તે સંબંધીનું જ્ઞાન કે જે જ્ઞાનનું જ

જ્ઞાન છે, દયા-દાન આદિનું નથી, તે જ્ઞાન આત્માનું કાર્ય કઈ રીતે છે તે હવે દૃષ્ટાંતથી સમજાવે છે.

### * જ્ઞાનનો કર્તા પુદ્‌ગલ નથી *

જેમ ઘડાને ને કુંભારને વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ છે તેમ પુદ્‌ગલપરિણામના જ્ઞાનને ને પુદ્‌ગલને વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ હોવાથી જ્ઞાનનો કર્તા પુદ્‌ગલ નથી. પુદ્‌ગલકર્મ કર્તા અને જ્ઞાનના પરિણામ તેનું કાર્ય એવા કર્તાકર્મપણાનો અભાવ છે. પરંતુ જેમ ઘડાને ને માટીને વ્યાપ્યવ્યાપકપણાનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણાનો સદ્‌ભાવ છે તેમ આત્માના જ્ઞાનપરિણામને ને આત્માને વ્યાપ્યવ્યાપકપણાનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.

### * જ્ઞાતાનું વ્યાપ્ય જ્ઞાન *

આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો કર્તા આત્મા છે. આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક થઈને જ્ઞાન, દર્શન આદિના મરિણામને તથા રાગાદિના જ્ઞાનના પરિણામને આત્મા કરે છે અને આત્મપરિણામ એટલે કે રાગાદિના જ્ઞાનના પરિણામ વ્યાપક વડે સ્વયં વ્યપાતા હોવાથી તે આત્માનું કર્મ છે. વળી જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે માટે પુદ્‌ગલપરિણામ આત્માનું વ્યાપ્ય છે એમ નથી તથા રાગ વ્યાપક છે ને જ્ઞાનના પરિણામ વ્યાપ્ય છે એમ પણ નથી. આત્મા રાગાદિનું જ્ઞાન કરે છે માટે રાગાદિ જ્ઞાતાનું વ્યાપ્ય છે એમ નથી. કારણ કે પુદ્‌ગલને ને આત્માને એટલે કે રાગને ને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહાર માત્ર હોવા છતાં પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે એટલે કે રાગ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તે જ્ઞાતાનું વ્યાપ્ય છે—કાર્ય છે માટે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે.

### * ધર્મીનું ચિન્હ શું ? *

ધર્મીનું ચિહ્ન શું ?—કે રાગાદિ કે નોકર્મના જે પરિણામ થાય તેને જ્ઞાની જ્ઞાનમાં રહીને જાણતો થકો જ્ઞાનના કર્તાપણે પરિણમે છે તે જ્ઞાની છે. પર્યાયમાં જે રાગદ્વેષ થયા એ જ્ઞાનીને થયા નથી, પુદ્‌ગલને થયા છે. દયા-દાન આદિના જે પરિણામ થાય એ સમ્યગ્દૃષ્ટિ જીવનું કાર્ય નહિ. જ્ઞાની છે એ રાગના પરિણામથી ભિન્ન પડીને જ્ઞાનપણે પરિણમે છે. એવા જ્ઞાનીને વ્રતાદિના જે પરિણામ થાય તે પુદ્‌ગલકર્મના પરિણામ છે. જ્ઞાનીને જ્ઞાનના પરિણામની સબળાઈ છે. જેની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર છે તેનું કાર્ય તો શુદ્ધ પરિણામ છે. વિકારના પરિણામ છે તે

સ્વતંત્રપણે પુદ્ગલદ્રવ્ય વડે વ્યપાતા હોવાથી પુદ્ગલના પરિણામ છે.

## * દરેક પર્યાયનું થવું તે તેની કાળલબ્ધિ છે *

છ પ્રકારના જ્ઞેયોની તે તે કાળે જે પર્યાય થાય છે તે તેનો જન્મક્ષણ છે, પરથી થતા નથી. દરેક પર્યાયનું થવું તે તેની કાળલબ્ધિ છે. અહીં તો પર્યાયની દૃષ્ટિ છૂટીને દ્રવ્યદૃષ્ટિ થઈ છે તેને જે દયા-દાન આદિના પરિણામ થાય તે પુદ્ગલનું કાર્ય છે એમ જ્ઞાની જાણે છે ને એમ જ છે. કેમ કે દ્રવ્યની દૃષ્ટિ થઈ છે ને દ્રવ્યમાં વિકારના પરિણામને કરે એવો કોઈ સ્વભાવ નથી તેથી વિકારના પરિણમનો કર્તા પુદ્ગલ છે. અહીં તો જ્ઞાનીનું લક્ષણ શું ?—એ વાત ચાલે છે.

## * રાગાદિને પુદ્ગલ-પરિણામ જાણે તે જ્ઞાની *

જ્ઞાની કોને કહેવો ?—કે જેની વર્તમાન પર્યાયે પર્યાયવાનને-દ્રવ્યસ્વભાવને પકડી લીધો છે તેને દયા-દાન આદિ પરિણામ થાય તે પુદ્ગલનું કાર્ય જાણે તે જ્ઞાની છે. દ્રવ્યસ્વભાવનો દૃષ્ટિવંત જ્ઞાની વિકારના પરિણામને, જેમ કુંભાર ઘડાને કરતો નથી તેમ પરમાર્થે કરતો નથી. પરંતુ રાગાદિ વિકાર સંબંધીનું જે જ્ઞાન એ જ્ઞાન-પરિણામ મારું કાર્ય છે ને હું જ્ઞાનનો કર્તા છું એમ ધર્મી માને છે.

## * ઈસલિયે પર હી સમજો *

આત્માસે ભિન્ન જો અજીવ પદાર્થ હૈ, ઉસકે લક્ષણ દો તરહસે હૈ; એક જીવસંબંધી, દૂસરા અજીવ સંબંધી. જો દ્રવ્યકર્મ, ભાવકર્મ નોકર્મરૂપ હૈ વહ તો જીવસંબંધી હૈ ઔર પુદ્ગલાદિ પાંચ દ્રવ્યરૂપ અજીવ જીવસંબંધી નહીં હૈ, અજીવસંબંધી હી હૈ ઈસલિયે અજીવ હૈ, જીવસે ભિન્ન હૈ. ઈસ કારણ જીવસે ભિન્ન અજીવરૂપ જો પદાર્થ હૈં ઉનકો અપને મત સમજો. યદ્યપિ રાગાદિક વિભાવપરિણામ જીવમેં હી ઉપજતે હૈં, ઈસસે જીવકે કહે જાતે હૈં, પરંતુ વે કર્મજનિત હૈં, પરપદાર્થ (કર્મ) કે સંબંધસે હૈં, ઈસલિયે પર હી સમજો.

*શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ,-૧, ગાથા-૩૦*

*

સંવરનો ઉત્કૃષ્ટ ઉપાય :

# જાણનક્રિયાથી ક્રોધાદિક્રિયાનું ભેદવિજ્ઞાન

ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી એમ કહીને અહીં આસ્રવને ને આત્માને કાંઈ સંબંધ નથી એમ બતાવ્યું છે. આસ્રવના ને આત્માના પ્રદેશો ભિન્ન હોવાથી, બન્નેની સત્તા ભિન્ન ભિન્ન હોવાથી તેમને આધાર-આધેયસંબંધ પણ નથી. જાણનક્રિયા આધાર ને આત્મા આધેય એવો આધાર-આધેયસંબંધ છે પરંતુ આસ્રવને ને આત્માને તો અત્યંત અભાવ હોવાથી આવો કોઈ સંબંધ પણ નથી. જાણનક્રિયામાં 'આ આત્મા' એમ જણાય છે, જાણનક્રિયા દ્વારા આત્મા જણાય છે માટે જાણનક્રિયા કે જે પોતાનું સ્વરૂપ છે તે આધાર છે ને આત્મા આધેય છે એ વાત દૃષ્ટાંત સહિત કહીને સંવરનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન તે અહીં સમજાવે છે.

*(શ્રી સમયસાર, સંવર-અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)*

**ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,**
**છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧.**
**ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,**
**કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨.**
**આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્ભવે છે જીવને,**
**ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુદ્ધાત્મા કરે. ૧૮૩.**

હવે સંવરનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન તેની વાત કરે છે :—

ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી અર્થાત્ એક વસ્તુ ને બીજી વસ્તુ સાથે કાંઈ સંબંધ નથી. અરે ! પુણ્ય-પાપ ભાવ પણ જીવના નથી. ઉપયોગમાં ઉપયોગ છે એટલે કે શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિની પરિણતિમાં આત્મા છે, કારણ કે એ દ્વારા આત્મા જણાય છે. શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાનના પરિણામ તે આધાર છે ને તેના આધારે આત્મા છે એટલે કે આત્માને આધેય બનાવ્યો. ઉપયોગમાં ઉપયોગ છે એટલે કે

પર્યાયને આધારે દ્રવ્ય છે. દ્રવ્યના આધારે પર્યાય છે પણ અહીં જુદી શૈલી છે. રાગાદિ રહિત જે શુદ્ધ ઉપયોગ છે તેમાં આત્મા છે એટલે કે શુદ્ધ ઉપયોગ દ્વારા આત્મા જણાયો માટે આત્મા આધેય ને ઉપયોગ—શુદ્ધ પરિણતિ તે આધાર છે. દ્રવ્ય શુદ્ધ છે એવું જાણ્યું કોણે ?—કે શુદ્ધ પરિણતિએ જાણ્યું તેથી શુદ્ધ પરિણતિ આધાર ને આત્મા આધેય.

## * વિકારીભાવ ને આત્માના પ્રદેશો ભિન્ન છે *

અહીં તો એમ લેવું છે કે આત્મામાં જે વિકારી ભાવ ઉત્પન્ન થાય તે આત્માના અસંખ્ય પ્રદેશથી ભિન્ન છે. ભગવાન આત્માના પ્રદેશ ને આસ્રવના પ્રદેશ ભિન્ન છે. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ શુદ્ધ પરિણતિમાં જણાયો માટે તેમાં આત્મા છે. જેમાં જે જણાયો તેમાં તે છે. અહીં તો કહે છે કે એક વસ્તુની બીજી વસ્તુ નથી. એક આત્મા બીજા આત્માને લઈને નથી, આત્માને ને કર્મને કાંઈ સંબંધ નથી. બન્નેના પ્રદેશો ભિન્ન છે. આસ્રવને ને આત્માને કાંઈ સંબંધ નથી કેમ કે બન્નેના પ્રદેશો ભિન્ન છે. આસ્રવને અહીં વસ્તુ કહી છે. આસ્રવ વસ્તુ જીવમાં નથી ને જીવ વસ્તુ આસ્રવમાં નથી. કારણ કે એક વસ્તુની બીજી વસ્તુ નથી. મિથ્યાત્વાદિ પરિણામ થાય તેની જીવવસ્તુ કાંઈ સંબંધી નથી.

## * નવ-તત્ત્વમાં આત્મા અને આસ્રવ ભિન્ન ભિન્ન તત્ત્વ છે *

બીજી ચીજ તો ક્યાંય રહી પણ એક વસ્તુ બીજી વસ્તુમાં નથી એટલે કે આસ્રવ આત્મામાં નથી ને આત્મા આસ્રવમાં નથી. કારણ કે બેને કાંઈ સંબંધ જ નથી. નવ તત્ત્વોમાં બે તત્ત્વો છે ને ! એટલે કે બન્ને ભિન્ન તત્ત્વો છે ને ! તેથી આત્માને ને આસ્રવને સંબંધ નથી. આત્માને ને કર્મને, આત્માને ને શરીરને, આત્માને ને સ્ત્રી-પુત્ર-ધંધા આદિને કાંઈ સંબંધ નથી. આસ્રવ બીજી વસ્તુ છે એમ અહીં કહે છે. આમ તો નવ તત્ત્વમાં સંવર પણ આત્માથી ભિન્ન તત્ત્વ છે પણ અહીં તો સંવરમાં આત્મા જણાય છે માટે સંવર આધાર ને આત્મા આધેય એમ કહેવું છે પણ આસ્રવને ને આત્માને તો કાંઈ સંબંધ નથી.

## અસંખ્ય પ્રદેશમાં હોવા છતાં આત્મા અને આસ્રવના પ્રદેશ ભિન્ન ભિન્ન

ભિન્ન ક્ષેત્રવાળાનો તો કાંઈ સંબંધ નથી પણ અસંખ્ય પ્રદેશમાં હોવા છતાં ભગવાન આત્માના પ્રદેશ જુદા છે ને આસ્રવના પ્રદેશ જુદા છે. જે ક્ષેત્રમાં ધ્રુવપણું છે તેમાં આસ્રવ નથી, આસ્રવના પ્રદેશ જુદા છે. શરીર વાણી તો ક્યાંય રહ્યાં પણ

દયા-દાન આદિના ભાવ ભિન્ન છે તેથી તેના પ્રદેશ પણ ભિન્ન છે. છે તો અસંખ્ય પ્રદેશમાં, છતાં પ્રદેશ ભિન્ન છે માટે ભગવાન આત્માની સત્તા ને આસ્રવની સત્તા ભિન્ન ભિન્ન છે. બંનેની એક સત્તા નથી પણ બેની ભિન્ન ભિન્ન સત્તા છે.

### * આત્માની પર્યાયમાં જે આસ્રવ છે તે આત્માથી ભિન્ન છે *

ભગવાન આત્માનું હોવાપણું ને મલિન પરિણામનું હોવાપણું—બંનેનું હોવાપણું ભિન્ન ભિન્ન છે. શરીર-વાણીના પ્રદેશ તો પૃથક્ પ્રદેશ છે પણ દયા-દાન આદિના પ્રદેશ અસંખ્ય પ્રદેશથી ભિન્ન ગણવામાં આવ્યા છે. આત્માની પર્યાયમાં આસ્રવ છે તે આત્માથી ભિન્ન છે માટે તેના પ્રદેશ પણ ભિન્ન છે. અસંખ્ય પ્રદેશમાં આસ્રવ થાય છે ને આત્મા પણ અસંખ્ય પ્રદેશમાં છે છતાં આસ્રવના પ્રદેશ જુદા છે. તેથી આત્મા ને આસ્રવ બંનેનું હોવાપણું જુદું જુદું છે. અહીં તો બે વચ્ચે અત્યંત અભાવ કહેવો છે. જ્યાં સુધી આસ્રવ છે ત્યાં સુધી તેના પ્રદેશ ભિન્ન છે પણ નીકળી જાય ત્યાં એ પ્રદેશો નિર્મળ પર્યાયના થઈ જાય છે. આસ્રવ નીકળી જતાં આસ્રવના પ્રદેશો નીકળી જતા નથી ! આ બહુ ગંભીર વાત છે. આસ્રવ ગયા પછી એના પ્રદેશો ક્યાં ગયા ?–એ એ પ્રદેશો નિર્મળ પર્યાયના થઈ ગયા. પછી એ પ્રદેશો અભિન્ન થઈ ગયા, આસ્રવ ગયા પછી તેના પ્રદેશો ભિન્ન રહેતા નથી.

એ રીતે એક વસ્તુને બીજી વસ્તુ સાથે આધાર-આધેયસંબંધ નથી. જીવના આધારે શરીર રહ્યું જ નથી, અરે ! આસ્રવના આધારે આત્મા નથી. આહાહા ! બહુ ઝીણી વાત છે. સંવર એટલે મોક્ષનો માર્ગ, આત્માની નિર્મળ પરિણતિ. તેનો આ અધિકાર શરૂ કર્યો છે.

શરીરના આધારે આત્મા ને આત્માના આધારે શરીર કે કર્મના આધારે આત્મા સ્વર્ગમાં જાય કે આત્માના આધારે કર્મ સાથે જાય—એમ નથી. દરેક વસ્તુને પોતાના સ્વરૂપમાં દૃઢપણે રહેવારૂપ જ આધાર-આધેયસંબંધ છે પણ આત્માને ને આસ્રવને આધાર-આધેયસંબંધ છે જ નહીં. ભગવાન આત્માને નિર્મળ પરિણતિ આધાર છે પણ આત્માને આસ્રવ આધાર નથી. નિર્મળ પરિણતિ તે આધાર ને આત્મા આધેય એવો આધાર-આધેયસંબંધ છે. સંવર આધાર ને વસ્તુ આધેય છે.

### * આત્માને ને રાગને આધેય-આધાર સંબંધ નથી *

આહાહા ! એક વસ્તુ બીજી વસ્તુની નથી. પરવસ્તુ તો ક્યાંય રહી પણ ક્રોધાદિ કે દયા-દાન આદિ એ આત્માના નથી, કારણ કે બન્નેના પ્રદેશ ભિન્ન હોવાથી ભાવ

જુદા હોવાથી ક્ષેત્ર પણ જુદા છે તેથી સત્તા જુદી જુદી છે. ચૈતન્ય જ્ઞાયકભાવ અને વ્યવહારરત્નત્રયના પ્રદેશ જુદા હોવાથી બન્નેની સત્તા જુદી છે તેથી એકબીજાને આધાર-આધેયસંબંધ પણ નથી જ. પ્રદેશ તો જુદા છે, સત્તા તો જુદી છે પણ વ્યવહારરત્નત્રયનો રાગ આધાર ને આત્મા આધેય એવો આધાર-આધેયસંબંધ પણ નથી જ. વિકારીભાવના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આત્માથી જુદા છે. જે ભાવે તીર્થંકર-ગોત્ર બંધાય તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આત્માથી જુદા છે.

રાગ આધાર ને તેના આધારે નિર્મળ પરિણતિ પ્રગટે એવો આધાર-આધેય સંબંધ પણ નથી. રાગની ક્રિયા ને આત્માના સ્વભાવને કાંઈ સંબંધ નથી. તેથી વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે—એની ના પાડે છે, કેમ કે બેને આધાર-આધેય સંબંધ નથી. ચૈતન્ય આનંદનું ધામ જે આત્મા તે આધેય છે ને તે જેના દ્વારા જણાય છે એવી શુદ્ધ પરિણતિ તે આધાર છે. ઉપયોગ કહેતાં શુદ્ધ પરિણમન તે આધાર છે ને આત્મા આધેય છે.

### * જાણનક્રિયા આધાર ને આત્મા આધેય *

તેથી દરેક વસ્તુને પોતાના સ્વરૂપમાં દ્રઢપણે રહેવારૂપ જ આધાર-આધેયસંબંધ છે. આત્મા જે જાણન ક્રિયા દ્વારા જણાયો તે જાણનક્રિયા આધાર ને આત્મા આધેય એવો આધાર-આધેયસંબંધ છે. જ્ઞાનના પરિણમનમાં, શ્રદ્ધાના પરિણમનમાં વિગેરે શુદ્ધ પરિણમનમાં ખ્યાલમાં આવે કે આ આત્મા છે—એવું જ જાણનક્રિયારૂપ પોતાનું સ્વરૂપ છે તેમાં આત્મા રહેલો છે એટલે કે તેમાં તે જણાય છે. જ્ઞાન એટલે કે આત્મા જે જાણનક્રિયારૂપ પોતાનું સ્વરૂપ છે તેમાં તે રહેલો છે. રાગ એ આત્માનું સ્વરૂપ નથી પણ જાણનક્રિયા તેનું સ્વરૂપ છે, તેથી જાણનક્રિયામાં જ્ઞાન રહેલું છે—આત્મા રહેલો છે.

### * શુદ્ધ પરિણમનના આધારે વસ્તુ *

પ્રવચનસારમાં એમ કહ્યું કે પર્યાયને દ્રવ્ય પ્રાપ્ત કરે છે ને પર્યાય દ્રવ્ય-ગુણ દ્વારા રચાય છે. અહીં બીજી વાત કરવી છે. અહીં તો જે વસ્તુ છે તેની સન્મુખ થતા જે શુદ્ધ પરિણમન થયું તેના આધારે વસ્તુ છે, કેમ કે રાગાદિ સાથે કાંઈ સંબંધ નથી—એમ વિકારથી ભિન્નતા સિદ્ધ કરવી છે. જે શુદ્ધ પરિણમન પ્રગટ થયું તેમાં 'આ વસ્તુ છે' એમ જણાયું તેથી જાણનાર જાણનક્રિયાને આધારે છે ને આત્મા આધેય છે માટે શુદ્ધ પરિણતિ તે આધાર ને આત્મા આધેય છે. શુદ્ધ વસ્તુના લક્ષે જે શુદ્ધ પરિણતિ થઈ તેમાં પરિપૂર્ણ વસ્તુ જણાઈ—ભલે વસ્તુ તેમાં આવે નહીં—તેથી એ શુદ્ધ

પરિણમન આધાર ને દ્રવ્ય આધેય છે. પ્રગટ અંશ દ્વારા અંશી જણાયો તેથી અંશને આધાર ને અંશીને આધેય કહ્યું છે.

જાણનક્રિયાનું એટલે કે જાણવાની શુદ્ધ પરિણતિની ક્રિયાનું જ્ઞાનથી—આત્માથી અભિન્નપણું હોવાને લીધે જ્ઞાન જ્ઞાનમાં જ છે, આત્મા આત્મામાં જ છે. આત્માના પરિણામને આત્મા જ કહ્યો, જાણનક્રિયાને આત્મા કહ્યો એટલે કે જાણનક્રિયા તેનું સ્વરૂપ છે ને તે સ્વરૂપમાં આત્મા છે. જાણનક્રિયા છે તે પર્યાય છે, તે પર્યાયના આધારે આત્મા જણાય છે માટે પર્યાયના આધારે આત્મા કહ્યો છે. જાણનક્રિયા તે ઉત્પન્નક્રિયા છે, તેના આધારે આત્મા જણાય છે. જાણનક્રિયા આત્માનું સ્વરૂપ છે ને તે સ્વરૂપના આધારે આત્મા જણાય છે માટે તે સ્વરૂપ ને આત્મા અભિન્ન છે.

### ❋ આત્માની ને રાગની સત્તા ભિન્ન ભિન્ન છે ❋

રાગ ને આત્માની સત્તા ભિન્ન ભિન્ન છે પણ રાગને ને પોતાને જાણનારી જે જાણવાની ક્રિયા તે આધાર ને આત્મા આધેય છે. જાણવાની ક્રિયા એ આત્માનું સ્વરૂપ છે તેથી તે સ્વરૂપના આધારે આત્મા કહ્યો છે, જો જાણનક્રિયારૂપ પ્રગટ પર્યાય ન હોય તો 'આ આત્મા છે'–એમ જાણ્યું કોણે ? રાગથી તો જણાતો નથી તેથી એ જાણનક્રિયા આધાર ને વસ્તુ આધેય છે. એ બેને અંદર આધાર-આધેયસંબંધ છે. ઉપયોગમાં ઉપયોગ રહે છે એટલે કે શુદ્ધ પરિણમન કાયમ રહે છે તેથી ઉપયોગને જાણનક્રિયારૂપ શુદ્ધ પરિણમન કહ્યું છે.

જાણનક્રિયાનું જ્ઞાનથી એટલે કે શુદ્ધ પરિણમનનું આત્માથી અભિન્નપણું હોવાથી જાણનક્રિયા જ્ઞાનમાં જ છે એટલે કે શુદ્ધ પરિણમન આત્માથી જુદું નથી. નિર્મળ પર્યાય છે તે આત્મામાં જ છે. જાણનક્રિયામાં આત્મા છે, રાગમાં કે ક્યાંય આત્મા નથી. જેના આધારે એ જણાય છે એ જાણનક્રિયામાં આત્મા પ્રતિષ્ઠિત છે. કેમ કે જાણનક્રિયા એ આત્માનું જ સ્વરૂપ છે તેથી આત્મામાં જ છે.

એ રીતે અવિરુદ્ધ સિદ્ધ કરીને હવે વિરુદ્ધ સિદ્ધ કરે છે.

જે ક્રોધાદિ છે તે ક્રોધાદિ પરિણમનના આધારે ક્રોધ છે. ક્રોધ-માન-માયા-લોભરૂપ વિકારનું પરિણમન એ પોતાના સ્વરૂપમાં રહ્યું છે. વિકારભાવનું પરિણમન એ એનું સ્વરૂપ છે ને તેમાં ક્રોધાદિ પ્રતિષ્ઠિત છે, એના સ્વરૂપના આધારે વિકાર છે પણ આત્માના આધારે કે આત્માના પરિણમનના આધારે ક્રોધાદિ નથી.

જેમ જાણનક્રિયામાં આત્મા રહેલ છે તેમ વિકારની પરિણતિમાં વિકાર રહેલ

છે, આત્મામાં રહેલ નથી. ક્રોધાદિ ક્રિયા ક્રોધાદિથી અભિન્ન છે ને આત્માથી તદ્દન ભિન્ન છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ ક્રોધાદિથી અભિન્ન છે ને આત્માથી ભિન્ન છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ-રાગ તે તેની ક્રિયામાં રહેલ છે, આત્મામાં નહીં.

જેમ આત્મા આત્મામાં જ છે તેમ વિકાર વિકારમાં જ છે. વિકારના આધારે આત્મા નથી કે આત્માના આધારે વિકાર નથી. આત્મા જાણનક્રિયાના આધારે ને વિકારીભાવ વિકારી ક્રિયાના આધારે છે.

## * ભાવકર્મને ને આત્માને અત્યંત સ્વરૂપ-વિપરીતતા છે *

વળી વિકારમાં, કર્મમાં કે નોકર્મમાં એટલે કે ભાવકર્મ, દ્રવ્યકર્મ ને નોકર્મમાં જ્ઞાન નથી એટલે કે આત્મા નથી અને આત્મામાં ક્રોધાદિ, કર્મ કે નોકર્મ નથી. કારણ કે આત્માને ને તેમને અત્યંત સ્વરૂપ-વિપરીતતા છે. આહાહા! આત્માને ને શુભભાવને-વ્યવહારરત્નત્રયના ભાવને અત્યંત સ્વરૂપ-વિપરીતતા છે. વિકારી પરિણામ આત્મામાં નહીં ને આત્મા વિકારમાં નહીં, કર્મ આત્મામાં નહીં ને આત્મા કર્મમાં નહીં, નોકર્મ આત્મામાં નહીં ને આત્મા નોકર્મમાં નહીં; કેમ કે તેઓને પરસ્પર અત્યંત સ્વરૂપ-વિપરીતતા છે. આહાહા! જગતની કઈ ચીજ બાકી રહી? શુભભાવ સહિત સમસ્ત ચીજને ને આત્માને પરસ્પર અત્યંત સ્વરૂપ-વિપરીતતા છે. તેથી તેમને પરમાર્થભૂત આધાર-આધેયસંબંધ છે જ નહીં. વ્યવહારરત્નત્રયને ને આત્માને પરમાર્થભૂત આધાર-આધેયસંબંધ નથી. રાગના આધારે આત્મા જણાય કે આત્માના આધારે રાગ થાય એમ છે જ નહીં.

વળી જેમ જ્ઞાનનું સ્વરૂપ જાણનક્રિયા છે તેમ જ્ઞાનનું સ્વરૂપ ક્રોધાદિક્રિયા પણ છે એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી. અને જેમ ક્રોધાદિનું સ્વરૂપ ક્રોધાદિક્રિયા છે તેમ ક્રોધાદિનું સ્વરૂપ જાણનક્રિયા પણ છે એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી. કારણ કે જાણનક્રિયા એટલે સ્વરૂપના શ્રદ્ધાજ્ઞાનની ક્રિયા અને ક્રોધાદિક્રિયા એટલે દયા-દાન આદિના પરિણામ એ બન્ને ભિન્ન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપે પ્રકાશે છે ને રાગાદિ અજ્ઞાન સ્વભાવે પ્રકાશે છે. ભગવાન જાણન-દેખન સ્વભાવથી પ્રકાશે છે ને રાગાદિ વિકારસ્વભાવે પ્રકાશે છે. એ રીતે સ્વભાવે ભિન્ન હોવાથી એ વસ્તુઓ ભિન્ન ભિન્ન જ છે. એટલે કે આ રીતે જ્ઞાનને ને અજ્ઞાનને અર્થાત્ આત્માને ને ક્રોધાદિને આધાર-આધેયસંબંધ છે જ નહીં.

પુણ્ય-પાપના ભાવ અજ્ઞાન છે ને ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એ બેને

આધાર-આધેયસંબંધ નથી. કેમ કે બન્ને ભિન્ન સ્વભાવે પ્રકાશતા હોવાથી બન્ને ભિન્ન વસ્તુ છે. તેથી શુભરાગ સમ્યગ્દર્શનમાં જરીયે મદદ કરે છે એમ નથી. બીજી રીતે કહીયે તો શુકલલેશ્યા હોય તોપણ તેનાથી ધર્મ થાય એમ નથી અથવા તેના આધારે આત્મા જણાય એમ નથી.

હવે દૃષ્ટાંતથી વિશેષ સમજાવે છે :—

એક જ આકાશને—આ ઉપર દેખાય એ કાંઈ આકાશ નથી, આકાશ તો અરૂપી છે અને એ આકાશનું ક્ષેત્ર અનંત છે એવા આકાશને જ્ઞાનમાં લઈને આધાર-આધેયભાવ વિચારવામાં આવે કે આકાશ કોના આધારે રહે છે ?—તો એમ સમજી શકાય છે કે આકાશને અન્ય દ્રવ્યમાં સ્થાપવું અશક્ય છે. તેથી આકાશનું આધાર-આધેયપણું અન્ય ભિન્ન દ્રવ્યોમાં ભાસતું નથી પણ આકાશ આધાર ને આકાશ જ આધેય એમ બુદ્ધિમાં ભાસે છે.

આચાર્યદેવ કહે છે કે અમે તને આત્માની વાત સમજાવીએ છીએ પણ તું આકાશનો તો વિચાર કર ! તને બુદ્ધિમાં આકાશનું આધાર-આધેયપણું આકાશમાં જ ભાસશે. ક્ષેત્ર અપેક્ષાએ મોટામાં મોટું જે આકાશ દ્રવ્ય તેને આધાર કોનો ?—કે આકાશ જ આકાશને આધાર છે અર્થાત્ આકાશ આકાશમાં જ પ્રતિષ્ઠિત છે એમ સમજી શકાય છે. જેનાથી મોટું કોઈ દ્રવ્ય નથી—ક્ષેત્રથી મોટું કોઈ દ્રવ્ય નથી એવા અનંત અનંત અનંત પ્રદેશવાળા આકાશદ્રવ્યને આધાર કોનો ?—એમ વિચારતાં આકાશને આકાશ જ આધાર છે—એમ સમજી શકાય છે. આમ સમજનારને આકાશને પરદ્રવ્યનો આધાર ભાસતો નથી.

તેવી રીતે પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ ભગવાન આત્માને પોતાની બુદ્ધિમાં સ્થાપીને—રાગમાં સ્થાપીને નહીં પણ બુદ્ધિમાં સ્થાપીને એટલે કે જ્ઞાનસ્વરૂપ ત્રિકાળી વસ્તુને જ્ઞાનની પર્યાયમાં સ્થાપીને તેનો આધાર-આધેયસંબંધ વિચારવામાં આવે તો જેમ અનંત અનંત પ્રદેશી આકાશનો વિચાર કર્યો તેમ અનંત અનંત ભાવવાળા જ્ઞાનસ્વરૂપ આત્માને બુદ્ધિમાં સ્થાપીને તેનો આધાર-આધેયભાવ વિચારવામાં આવે તો જ્ઞાનસ્વરૂપી પ્રભુને બાકીના અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ હોવાથી જ્ઞાન-આત્મા પોતાના જ આધારે છે, તેથી જ્ઞાન જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત છે એટલે કે જાણનક્રિયાથી આત્મા જણાય છે ને એ જાણનક્રિયા આત્માનો સ્વભાવ છે તેથી જાણનક્રિયાના આધારે આત્મા છે અર્થાત્ આત્માના આધારે આત્મા છે—એમ બરાબર સમજી શકાય છે.

જેની મોજુદગીમાં 'આ આત્મા છે, આ આત્મા છે, આ આત્મા છે' એમ

જણાય છે એ જાણનક્રિયા જ્ઞાનથી અભિન્ન હોવાથી જ્ઞાન જ જ્ઞાનનો આધાર છે. અર્થાત્ આત્માને આત્માનો આધાર છે. આત્મા તો જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે તેથી તે અજ્ઞાનથી કે દુઃખથી કેમ જણાય? અર્થાત્ તે દયા-દાન આદિના પરિણામથી કેમ જણાય? ન જ જણાય.

બાપુ! બુદ્ધિમાં એટલે કે લક્ષમાં આત્માને લઈને વિચાર કર તો તને જણાશે કે જાણનક્રિયામાં આત્મા જણાય છે માટે જાણનક્રિયા આધાર છે પણ રાગાદિ આધાર નથી. આત્માનો સૂક્ષ્મ વિચાર કરતા રાગાદિ આત્માને આધાર છે એમ બુદ્ધિમાં ભાસતું નથી. જેનાથી જણાયો એ ધર્મની-સમ્યગ્દર્શનની જે જાણનક્રિયા એ આધાર ને આત્મા આધેય છે પણ પરદ્રવ્યો આધાર છે એવી અપેક્ષા પ્રભવતી નથી—ઉદ્ભવતી નથી. તેથી 'એક જ્ઞાન જ જ્ઞાનમાં પ્રતિષ્ઠિત છે' એમ બરાબર સમજી શકાય છે. જ્ઞાનની પરિણતિમાં જ્ઞાન-આત્મા જણાય છે માટે જ્ઞાન જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત છે. આમ સમજી જનારને પરમાં આધાર-આધેયપણું ભાસતું નથી એટલે કે ધર્મી જીવને આત્માનો આધાર રાગ છે એમ ભાસતું નથી.

માટે જ્ઞાન જ્ઞાનમાં જ છે ને ક્રોધાદિક ક્રોધાદિકમાં જ છે. વ્યવહાર વ્યવહારમાં જ છે ને જે નિર્વિકલ્પ પરિણમન થયું તેમાં જ આત્મા છે. એ રીતે દયા-દાન આદિ વસ્તુ જ આત્માથી જુદી છે, તેનું ક્ષેત્ર જ જુદું છે, તેની સત્તા જ જુદી છે ને બન્નેને પરસ્પર અત્યંત સ્વરૂપ-વિપરીતતા છે, તેથી દયા-દાન આદિના રાગથી આત્મા જણાય એમ નથી.

—આ રીતે ભાવકર્મ, જડકર્મ ને નોકર્મનું અને આત્માનું ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ થયું.

*

## શુદ્ધ જીવ નવતત્ત્વોથી ભિન્ન છે

જેવી રીતે કીચડ અને જળ બન્ને એકમેક થયેલા જેવા માલૂમ પડે છે પરંતુ શુદ્ધ જળ તરફ જ લક્ષ્ય કરતાં કીચડ લક્ષ્યગત થતો નથી, કારણ કે વાસ્તવમાં જળ કીચડથી ભિન્ન છે, તેવી રીતે જીવ પણ નવ તત્ત્વોમાં એકમેક જેવો માલૂમ પડે છે પરંતુ શુદ્ધ જીવ એ નવતત્ત્વોથી વાસ્તવમાં ભિન્ન છે.

*(શ્રી રાજમલજી, પંચાધ્યાયી ભાગ-૨ ગાથા-૧૬૬)*

*

# દેવરતિ રાજા અને રક્તારાણી

કેવલ્યજ્ઞાન જેનું નેત્ર છે એવા જગત્ પ્રસિદ્ધ જિન ભગવાનને નમસ્કાર કરી અયોધ્યાના રાજા દેવરતિનું ઉપાખ્યાન લખાય છે.

અયોધ્યાના રાજા દેવરતિની રાણીનું નામ રક્તા છે. તે બહુ જ રૂપાળી હતી. રાજા વિષયી હોવાથી સદા રાણીની પાસે જ બેસી રહેતો. રાજકાજમાં કાંઈ જ ધ્યાન ન આપતો. ધર્મ અર્થ ને પુરૂષાર્થને છોડી વિષય-વાસનાનો દાસ બની રહેવાથી દુર્ગતિ થાય છે. દેવરતિની પણ તેવી જ દશા થઈ.

મંત્રીઓને તેની ઉદાસીનતા બહુ જ ખરાબ લાગવા લાગી. તેણે રાજ્ય સંભાળવાની રાજાને પ્રાર્થના કરી પણ તેનું કાંઈ ફળ ન આવ્યું. તેથી દેવરતિના પુત્ર જયસેનને રાજા નિયુક્ત કરીને દેવરતિને રાણી સહિત દેશ નિકાલ કર્યો. એવા કામને ધિક્કાર છે જેનાથી માન મર્યાદા ધૂળમાં મળી જાય અને કષ્ટ પણ સહન કરવું પડે.

રાજા દેવરતિ અયોધ્યાથી નીકળીને એક ભયાનક જંગલમાં આવ્યો. ત્યાં રાણીને અતિ ભૂખ લાગી. તેથી રાણીને યમુનાના કિનારે એક ઝાડ નીચે બેસાડીને રાજા ભોજન લેવા બાજુના ગામમાં ગયો. યમુનાના કિનારે એક સુંદર બગીચો હતો. તેમાં કોઈ અપંગ મધુર સ્વરથી ગાતો હતો. તેના ગાવાનો મીઠો અવાજ રક્તારાણીના કાને પડ્યો. રાણી ગાવાવાળા ઉપર મોહિત થઈ લાજ શરમ છોડી અપંગની પાસે ગઈ. અપંગ પાસે રાણીએ પોતાની કામવાસના પ્રગટ કરી. તે કાંઈ સુંદર ન હતો તોપણ રાણી તેના ઉપર મુગ્ધ થઈ ગઈ. સાચું છે કે કામ ન દેખે જાત પાત. રાણીની પાપવાસના સાંભળી અપંગ ગભરાઈ ગયો અને બોલ્યો હું તો એક ભિખારી છું ને તમે રાજરાણી છો. જો રાજા આપણને એક સાથે દેખશે તો જીવતા નહિ રહેવા દ્યે. તમારા તેજસ્વી ને શૂરવીર પતિની યાદ આવતાં જ મારું શરીર કાંપી ઊઠે છે. માટે મને ક્ષમા કરો. રાણીએ તેને ધીરજ બંધાવીને કહ્યું કે તું ચિંતા ન કર. હું રાજાને હમણાં જ મારી નાંખીશ. કુલ્ટા શું શું અનર્થ નથી કરી શકતી?

તે જ સમયે રાજા ભોજન લઈને આવી ગયો. તેને દેખતાં જ રાણી માયા ફેલાવીને રોવા લાગી. રાજા રાણીને રડતી દેખી ભોજનને એકબાજુ મૂકીને રાણી પાસે ગયો ને બોલ્યો કે પ્રિયે! કેમ તું રડે છો? શું તારું કોઈએ અપમાન કર્યું છે? અકસ્માત

તારા રૂદનથી મારી ધીરજ છૂટી જાય છે. તારા રોવાનું કારણ જલદીથી બતાવ.

રાણી એક લાંબો શ્વાસ લઈને બોલી કે પ્રાણનાથ આપના રહેવાથી કોણ મને કષ્ટ આપી શકે છે? પણ મને તો મોટું દુઃખ એ થાય છે કે આજે તમારી વર્ષગાંઠ છે અને મારી પાસે એક ફુટી કોડી પણ નથી. હું આજે શેનાથી તમારો જન્મનો ઉત્સવ મનાવું?

રાણીની પ્રેમભરી વાત સાંભળી રાજાનું હૃદય ભરાઈ ગયું ને આંખમાંથી આંસુ ટપકવા લાગ્યા. રાજાએ રાણીને પ્યારભર્યા શબ્દોમાં કહ્યું કે—પ્રિયે તેના માટે શું ચિંતા છે? ક્યારેક એ દિન પણ આવી જશે જ્યારે તારી કામના પુરી થશે. તારા જેવી ભાગ્યશાળી જેની પ્રિયા હોય, જેને માટે હું રાજપાટને તુચ્છ સમજ્યો તેને આવી નાની નાની બાબતોનું દુઃખ શું હોય? રાજાને સ્વપ્નમાં પણ એવો ખ્યાલ ન હતો કે આ કુલ્ટા આવા નિષ્કપટ પ્રેમનો બદલો જાન લઈને લેશે!

દૈવની વિચિત્ર ગતિ છે. રાજાના આવા સાચા પ્રેમની પાપીનિના પથ્થરહૃદય ઉપર જરા પણ અસર થઈ નહિ. રાણી ઉપરથી પ્રેમ બતાવતી બોલી નાથ! જે વાત થઈ શકતી નથી તે માટે ચિંતા કરવી નકામી છે તોપણ હું મારા ચિત્તની શાંતિ માટે આ પવિત્ર પુષ્પ માળાથી આ જન્મગાંઠનો ઉત્સવ મનાવીશ.

આમ કહી રાણીએ ફુલ ગુંથવાની દોરીથી રાજાને બાંધી લીધો. રાજા સમજ્યો કે રાણી જન્મગાંઠની વિધિ પૂરી કરે છે તેથી રાજાએ ચૂંકારો પણ ન કર્યો. ખૂબ મજબૂતીથી બાંધી લઈને રાણીએ ઈશારાથી અપંગને બોલાવ્યો અને તેની સહાયથી યમુના નદીના કિનારે લઈ જઈને રાજાને નદીમાં ફેંકી દીધો અને આ કુલ્ટા અપંગની સાથે પોતાની મનોવૃત્તિ પૂરી કરવા લાગી. નિચતા અને કુલ્ટાપણાની હદ આવી ગઈ!

પુણ્યનો ઉદય જ્યારે થાય છે ત્યારે મનુષ્ય ભયાનક દુઃખમાંથી પણ બચી જાય છે. રાજા દેવરતિનો પણ એવો જ કોઈ પુણ્ય-ઉદય થયો કે જેથી નદીમાંથી બચી ગયો. નદીમાંથી નીકળીને મંગળપુર શહેર પાસે પહોંચ્યો. કેટલાક દિવસથી ચાલતાં રહેવાથી તે થાકી ગયો હતો તેથી પોતાની થકાવટ દૂર કરવા એક છાંયાદાર વૃક્ષ નીચે સૂઈ ગયો, માનો કે જાણે કે જૈનધર્મની છત્રછાયામાં નિંદ લઈ રહ્યો છે.

મંગલપુરના રાજા શ્રીવર્ધન નિઃસંતાન હતો તેનું તે વખતે મૃત્યુ થઈ ગયું. તેથી મંત્રીઓએ વિચાર કર્યો અને એક હાથીને જળભરેલો કળશ આપીને છોડ્યો. તે હાથી

જેના ઉપર અભિષેક કરે તે રાજા બને. કર્મની લીલા અપરંપાર છે. કર્મ રાજાને રંક અને ભિખારીને રાજા બનાવી દે છે. દેવરતિનો સમય જ્યારે પ્રતિકુળ હતો ત્યારે રસ્તાનો ભિખારી બનાવી દીધો ને પુણ્યોદય થતાં તેને રાજગાદી ઉપર બેસાડી દીધો.

દેવરતિ ઝાડ નીચે સૂતો હતો તે વખતે હાથીએ આવીને તેનો અભિષેક કર્યો અને મોટી ધામધૂમથી શહેરમાં લાવ્યા અને રાજ્યસિંહાસન ઉપર બેસાડ્યા. પુણ્યનો ઉદય થવાથી આપત્તિ પણ સુખરૂપે થઈ જાય છે. તેથી સુખની ઇચ્છા કરવાવાળાએ સદા ધર્મ ઉપર ભરોસો કરી પૂજાદાન આદિ શુભકાર્ય કરવું જોઈએ.

દેવરતિ ફરીને રાજા થઈ ગયો. તેની હાલત હવે પહેલાં જેવી રહી નથી. તે સ્વયં રાજકાજ સંભાળવા લાગ્યા. જે બુરાઈઓથી રાજ્યથી ભ્રષ્ટ થવું પડ્યું હતું તે હવે તેની પાસે ફરકવા નથી દેતો. સ્ત્રી નામથી તેને ઘૃણા થાય છે. એક કુલકલંકીનો બદલો વાળી સ્ત્રીઓને કુલકલંકીની કહેવા લાગ્યો. એમાં એનો દોષ પણ શું હતો? દુધથી દાઝેલો મનુષ્ય છાશને પણ ફૂંકી ફૂંકીને પીવે છે. એ દાન આપતો હતો પણ એક લુલા લંગડાને એક દાણો દેવાનું પણ પાપ સમજતો હતો. આ એક અપંગના પાપનું ફળ છે.

અહીં રક્તારાણીએ કેટલાય દિવસ રહીને તે અપંગની સાથે મજા કરી. પછી અપંગને એક ટોકરીમાં નાખીને દેશ વિદેશ ઘુમવા લાગી. તે જ્યાં જતી ત્યાં પોતાને એક મહાસતી જાહેર કરતી કે માતા પિતાએ જેના હાથે મને સોંપી તે જ પ્રાણનાથ છે. આ ઠગાઈમાં લોકો ઘણા જ પૈસા આપતા હતા. એ પ્રકારે ભીક્ષાવૃતિ કરતી કરતી તે મંગળપુર પહોંચી. ત્યાં પણ તેના સતીત્વ ઉપર લોકોને ખૂબ શ્રદ્ધા થઈ; સાચું છે જે સ્ત્રીઓએ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેવા દેવતાઓને પણ ઠગી લીધા છે તેની જાળમાં સામાન્ય લોકો ઠગાઈ જાય તેમાં શું આશ્ચર્ય?

એક દિવસ એ બંને જણા ગાતાં ગાતાં રાજમહેલ સામે આવ્યા દ્વારપાળે રાજાને પ્રાર્થના કરી કે મહારાજ! એક સ્ત્રી પોતાના અપંગ પતિને ટોપલામાં લઈને ઊભી છે અને તે બંને ખૂબ જ સારા ગાયન ગાય છે અને મહારાજના દર્શન કરવા ઇચ્છે છે. આજ્ઞા હોય તો તેને અંદર આવવા દઈએ અને સભાસદોએ પણ તે બંનેને જોવાની ઇચ્છા જાહેર કરી.

રાજાએ એક પરદો આડો નખાવીને તે બંનેને આવવાની આજ્ઞા આપી. સતી માથા ઉપર ટોપલો લઈને અંદર આવી ને તેણે ગાયન ગાયા તેથી સૌ મુગ્ધ થઈ ગયા.

રાજાએ અવાજ સાંભળીને તે સતીને ઓળખી લીધી. પડદો દૂર કરીને કહ્યું– અહા આ તો મહાસતી છે તેનું અતીત હું સારી રીતે જાણું છું. તે પછી રાજાએ પોતાની હકીકત (રામકહાણી) સભાને જાણ કરી. લોકો એ હકીકત સાંભળીને ઘણા જ આશ્ચર્યચકિત થઈ ગયા અને રક્તાને શહેરથી બહાર કાઢી મૂકવામાં આવી. સ્ત્રીઓનું ચારિત્ર દેખી રાજા દેવરતિને વૈરાગ્ય થઈ ગયો. તેણે પોતાના પુત્ર જયસેનને અયોધ્યાથી બોલાવી આ રાજ્યનો ભાર પણ તેને સોંપી દીધો અને પોતે યમધર આચાર્યની પાસે દીક્ષા લઈ તપશ્ચર્યા કરવા લાગ્યા. અંતમાં સમાધિએ શરીર છોડીને સ્વર્ગમાં ઋદ્ધિધારી દેવ થયા.

રક્તારાણી જેવી કુલ્ટા સ્ત્રીનું ઘૃણિત ચરિત્ર દેખીને સાંસારિક સુખને ક્ષણિક સમજી જે દેવરતિ રાજાએ મુનિપદ ગ્રહણ કર્યું તે સર્વગુણસંપન્ન મુનિરાજ મને મોક્ષ આપો.

(આરાધના કથાકોષમાંથી)

હે સંસારી જીવો! જેને તમે કહો છો કે આ અમારું ધન છે, તેને સજ્જનો, જેવી રીતે નાકનો મેલ ખંખેરી નાંખવામાં આવે તેમ છોડી દે છે અને પછી ગ્રહણ કરતાં નથી. જે ધન તમે પુણ્યના નિમિત્તે મેળવ્યું કહો છો તે દોઢ દિવસની મોટાઈ છે અને પછી નરકમાં નાંખનાર છે અર્થાત્ પાપરૂપ છે, તમને એનાથી આંખોનું સુખ દેખાય છે તેથી તમે કુટુંબીજનો વગેરેથી એવા ઘેરાઈ રહો છો જેવી રીતે મિઠાઈ ઉપર માખી ગણગણે છે. આશ્ચર્યની વાત છે કે આટલું હોવા છતાં પણ સંસારી જીવો સંસારથી વિરક્ત થતાં નથી. સાચું પૂછો તો સંસારમાં એકલી અશાતા જ છે. ક્ષણમાત્ર શાતા નથી.

—શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, બંધ દ્વાર, પદ-૪૪

[તા. ૮-૧૧-૯૯]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્યપ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાત : | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : 'શ્રી સમયસાર' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : 'શ્રી પ્રવચનસાર' ઉપર શાસ્ત્ર-વાંચન |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી કળશટીકા' ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન |

★ શ્રી મહાવીર-નિર્વાણ-પંચાહ્નિક વાર્ષિક મંગલ મહોત્સવ (દિવાળીના મંગળ અવસર) 'શ્રી જિનેન્દ્રપંચકલ્યાણકમંડલવિધાનપૂજા', મહાવીર-જિનેન્દ્ર-પંચકલ્યાણકભક્તિ તેમ જ અધ્યાત્મ-જ્ઞાનોપાસનાપૂર્વક અત્યાનન્દોલ્લાસ સાથે મનાવવામાં આવ્યો. પૂજાના સમયે 'શ્રી મહાવીર-કુન્દકુન્દ દિ૦ જૈન પરમાગમમંદિર' ઉપાસકોથી પૂરુ ભરાઈ જતું હતું. આ દિપાવલી-ઉત્સવ તેમ જ નૂતન-વર્ષારમ્ભના 'સુપ્રભાતદિન' મનાવવા માટે બૃહત્‌મુંબઈ, રાજકોટ, ભાવનગર, અમદાવાદ, જામનગર, હૈદરાબાદ, નાઈરોબી તેમ જ સૌરાષ્ટ્રના અન્ય અનેક ગામોથી મુમુક્ષુ મહેમાન સોનગઢ આવ્યા હતા.

★ **કાર્તિકી-નન્દીશ્વર-અષ્ટાહ્નિકા :—** કારતક સુદ ૮, મંગળવાર, તા. ૧૬-૧૧-૯૯થી કારતક સુદ ૧૫, મંગળવાર, તા. ૨૩-૧૧-૯૯—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નન્દીશ્વર-પૂજાવિધાન' તેમ જ અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનન્દોલ્લાસ સાથે મનાવવામાં આવશે.

**પંચાહ્નિક ધાર્મિક કાર્યક્રમ :—** આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ૧૯મા વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પાંચદિવસીય જ્ઞાનવૈરાગ્યપોષક વિશેષ ધાર્મિક કાર્યક્રમ તા. ૨૫-૧૧-૯૯, ગુરુવારથી તા. ૨૯-૧૧-૯૯, સોમવાર સુધી રાખવામાં આવ્યો છે. આ 'કહાનગુરુ-ઉપકારસ્મૃતિ'ના અવસરે આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે૦ શાહની ગુરુભક્તિભીની ઉપસ્થિતિમાં વીતરાગ દેવગુરુભક્તિ તેમજ વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીપૂર્ણ મનાવવામાં આવશે.

**શ્રી કુન્દકુન્દ-આચાર્યપદારોહણદિન :—** માગશર વદ ૮, ના દિવસે વિશેષ પૂજાભક્તિ તેમ જ જ્ઞાનોપાસનાપૂર્વક મનાવવામાં આવશે.

**ધાર્મિક શિક્ષણવર્ગ :—** ડિસેમ્બર માસની રજાઓ વખતે તા. ૨૪-૧૨-૯૯, શુક્રવારથી તા. ૨-૧-૨૦૦૦, રવિવાર—૧૦ દિવસ સુધી રાખવામાં આવ્યો છે. અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થીઓને સોનગઢ પધારવાનું ટ્રસ્ટ તરફથી આમંત્રણ છે.

**❋ પંચકલ્યાણ પ્રતિષ્ઠામહોત્સવ ❋**

ગુજરાત પ્રાન્તસ્થ સુરત શહેરમાં—કે જ્યાં આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈએ પરમાગમ શ્રી સમયસારનું ગુજરાતી ગદ્યપદ્યાનુવાદ સમ્પન્ન કર્યું હતું, અને પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેને ચાર માસ સુધી રહીને પોતાની આત્મસાધના વિશેષ વૃદ્ધિગત કરી હતી—પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રીના ધર્મોપકારપ્રતાપથી નિર્મિત શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમન્દિરના વિસ્તૃતિકરણના આયોજનના અન્તર્ગત શ્રી દિ૦ જિનબિમ્બ પંચકલ્યાણક-પ્રતિષ્ઠાનો નિશ્ચય કરવામાં આવ્યો છે. આ મંગલ મહોત્સવ વિ. સં. ૨૦૫૬, પોષ સુદ, ૧૩, બુધવાર, તા. ૧૯-૧-૨૦૦૦ થી પોષ વદ ૬, બુધવાર તા.૨૬-૧-૨૦૦૦—આઠ દિવસનો રાખવામાં આવ્યો છે. વિશેષ સમાચાર આગામી અંકમાં આપવામાં આવશે.

**પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના**
**વાર્ષિક સમાધિદિન નિમિત્તે અધ્યાત્મતીર્થ સોનગઢમાં પંચાહ્નિક**
**❋ ધાર્મિક કાર્યક્રમ ❋**

શુદ્ધાત્માનુભૂતિમુદ્રિત-સુવિશુદ્ધ-અધ્યાત્મમાર્ગ-પ્રકાશક આપણા પરમ-તારણહાર, પરમોપકારી પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સમાધિનો ૧૯મો વાર્ષિક દિન વિ. સં. ૨૦૫૬, કારતક વદ ૭, સોમવાર, તા. ૨૯-૧૧-૯૯ના રોજ છે. ઉપકારમૂર્તિ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા.૨૫-૧૧-૯૯, ગુરુવારથી તા. ૨૯-૧૧-૯૯, સોમવાર (કારતક વદ ૭) —પાંચ દિવસ સુધી અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય-ભક્ત્યુપાસનાપ્રધાન 'પંચાહ્નિક ધાર્મિક કાર્યક્રમ'—શ્રી પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા, જિનેન્દ્ર તેમ જ ગુરુભક્તિ, પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીના અધ્યાત્મરસપૂર્ણ ટેપપ્રવચન, વિડિયો દ્વારા ગુરુદર્શન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનની વિડિયો ધર્મચર્ચા, વિદ્વત્શાસ્ત્રપ્રવચન ઇત્યાદિ વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યો છે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે આ 'પંચાહ્નિક ધાર્મિક કાર્યક્રમના સમયે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુસમાજને શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમન્દિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું સહૃદય આમંત્રણ છે.

નાઈરોબી (કેન્યા)માં સાનંદ સમ્પન્ન

## શ્રી સિદ્ધચક્ર-વિધાનપૂજા

પરમ-તારણહાર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ પરમોપકારી પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકાર-પ્રતાપે નાઈરોબી(કેન્યા)માં સુચારુ પ્રવર્તમાન શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા, પૂજ્ય ગુરુદેવશ્રીના પવિત્ર કરકમળે નાઈરોબીમાં પ્રતિષ્ઠિત શ્રી મહાવીરસ્વામી દિગંબર જિનમંદિરમાં તા. ૪-૧૦-૯૯ થી તા. ૧૧-૧૦-૯૯—આઠ દિવસ સુધી શ્રી સિદ્ધચક્ર-વિધાનપૂજા, દશલક્ષણ પર્યુષણપર્વ-પ્રસંગે પ્રવચનો માટે સમાગત વિદ્વાન પ્રવચનકાર વિંછીયાનિવાસી શ્રી હિંમતભાઈ ડગલીના માર્ગદર્શન નીચે, મુમુક્ષુઓના અતિ આનંદોલ્લાસ સહ સુચારુ સંપન્ન થઈ છે. નાઈરોબીમાં પ્રથમ વાર થયેલ આ મહાપૂજા પ્રસંગે બધા મુમુક્ષુઓને ભક્તિભાવભીનો ઘણો ઉત્સાહ હતો.

## વૈરાગ્ય સમાચાર :—

શ્રી હરિલાલ હિંમતલાલ ડેલીવાળા (વર્ષ-૬૮) તા. ૧૩-૯-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

શ્રીમતિ વસુબેન બાબુભાઈ શાહ (વર્ષ-૭૬) (બાબુભાઈ ગોપાલદાસ શાહ, અમદાવાદવાળાના ધર્મપત્ની) તા. ૪-૧૦-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મુંબઈનિવાસી (હાલ સોનગઢ) શ્રી મયાભાઈ જેસિંગભાઈ શાહનાં ધર્મપત્ની શ્રી શારદાબેન (વર્ષ-૭૪) હૃદયના હુમલાથી તા. ૨૨-૧૦-૯૯ના રોજ એકાએક મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

રાણપુરનિવાસી વસંતરાય અમૃતલાલ શેઠ (વર્ષ-૬૫) આકસ્મિક હૃદયની બિમારીથી તા. ૩૦-૧૦-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## પરમપૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીનાં સી.ડી. પ્રવચનો વિષે

# પરિપત્ર

આપણા જીવનશિલ્પી પરમતારણહાર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સત્પ્રભાવનાયોગ-પ્રતાપે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવાન્તકારિણી પરમામૃતરસભરી અધ્યાત્મવાણીનાં ૨૫૦૦ પ્રવચનોને સી.ડી.માં ઉતારવાનું કાર્ય પૂરું થઈ ગયું છે. પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી, પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી પ્રતિ સમર્પિત શ્રી શાંતિલાલ રતીલાલ શાહ-પરિવાર—સાયન (મુંબઈ) દ્વારા આપણા ૫૧(એકાવન) મુમુક્ષુમંડળોને કોમ્પ્યુટર તથા ૨૫૦૦ પ્રવચનોની સી.ડી. તેમની યોજના પ્રમાણે ભેટ અપાઈ ગઈ છે. હવે તેઓશ્રી દ્વારા વ્યક્તિગત ધોરણે પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોની સી.ડી. ઓછી કિંમતે આપવાની યોજના થઈ રહી છે. તેના પ્રથમ ચરણરૂપે પરમાગમ શ્રી સમયસાર-શાસ્ત્રજીનાં પ્રવચનોની સી.ડી. ઓછી કિંમતે વ્યક્તિગત ધોરણે આપવાની શરૂઆત થઈ ગઈ છે. શ્રી સમયસાર-શાસ્ત્રજીનાં પ્રવચનોની ૧૨ સી.ડી.ના એક સેટની રૂા. ૬૦૦=૦૦ કિંમત રાખવામાં આવી છે. જેમને માત્ર હિન્દી પ્રવચનોનો સેટ જોઈતો હશે તો તેના ૬ સી.ડી.ના સેટની કિંમત રૂા. ૩૦૦=૦૦ રાખવામાં આવી છે. જે મુમુક્ષુ ભાઈ-બહેનોને આ યોજનાનો લાભ લેવો હોય તેમણે નીચેનાં સ્થળે સંપર્ક કરવો.

સંપર્ક સ્થળ :—

(૧) કેસેટ વિભાગ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪ ૨૫૦

(૨) હિતેન અનંતરાય શેઠ
૩૦૯, વીણા વિહાર,
સાયન (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨
ફોન નં. (૦૨૨) ૪૦૧૫૪૩૪

## * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* શ્રોતા :–આત્મા પરમાં તો કાંઈ ફેરફાર ન કરી શકે એ તો ઠીક, પણ પોતાની પર્યાયોમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ ?

પૂજ્ય ગુરુદેવ :–અરે ભાઈ ! જ્યાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ. પછી તારે કોને ફેરવવું છે ? મારી પર્યાય મારા દ્રવ્યમાંથી આવે છે એમ નક્કી કરતાં જ પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઈ, તે પર્યાય હવે ક્રમે ક્રમે નિર્મળ જ થયા કરે છે અને શાંતિ વધતી જાય છે. આ રીતે પર્યાય પોતે જ્યાં દ્રવ્યમાં અંતર્મગ્ન થઈ ગઈ ત્યાં તેને ફેરવવાનું ક્યાં રહ્યું ? તે પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે. પર્યાય આવશે ક્યાંથી ?—દ્રવ્યમાંથી, માટે જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું (–શ્રદ્ધા–જ્ઞાનમાં સ્વીકારી લીધું) ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઈ એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્ નિર્મળ જ થવા માંડી. જ્યાં સ્વભાવ નક્કી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ટળીને સમ્યગ્જ્ઞાન થયું, મિથ્યાશ્રદ્ધા પલટીને સમ્યગ્દર્શન થયું.—એ પ્રમાણે નિર્મળ પર્યાય થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ ફર્યો નથી ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા સ્વભાવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળ ધારા શરૂ થઈ ગઈ ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.

સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું, એકલો વીતરાગી જ્ઞાતાભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ ! જ્ઞાનમાં જ્ઞાતાદ્રષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે; જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યા બુદ્ધિ છે.

* કોઈ વ્યક્તિ હાથીનું કે અશ્વનું રૂપ લઈને આવે, વેશપલટો કરે તોપણ જોનારને કુતૂહલ ઊપજે; પરંતુ જીવે પોતાના ત્રિકાળી જ્ઞાયક ભગવાનનાં દર્શન માટે ક્યારેય સાચું કુતૂહલ જ કર્યું નથી. કુતૂહલ એટલે કૌતૂક, જિજ્ઞાસા, આશ્ચર્ય, મહિમા. અહા ! રાગના પડદા પાછળ અંદર આ ત્રિલોકીનાથ જ્ઞાયક બાદશાહ શી ચીજ છે તેને પ્રેમપૂર્વક જોવાનું સાચું કુતૂહલ જ જીવે કદી કર્યું નથી—વર્તમાન પર્યાયમાં ત્રિકાળી ધ્રુવ પ્રભુની વિસ્મયતા આવી નથી.

*

## ✻ દરેક દ્રવ્યની પર્યાય તે તે કાળે સ્વતંત્ર પરિણમે છે ✻

પરમાણુમાં રંગગુણ ત્રિકાળી છે. તેની પર્યાય પહેલાં સમયે કાળી હોય તે બદલીને બીજા સમયે લાલ, સફેદ, પીળી થઈ જાય તેનું કારણ કોણ? જો રંગગુણ કારણ હોય તો રંગગુણ તો કાયમ છે છતાં પરિણમનમાં આમ વિચિત્રતા કેમ? ખરેખર તો તે સમયની પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમી છે. તેમ દરેક દ્રવ્યની પર્યાય તે તે કાળે સ્વતંત્ર પરિણમે છે. આહાહા! સ્વતંત્રતાની વાતો બહુ સૂક્ષ્મ છે.

—સમ્યક્રત્નવિભૂષિત પૂજ્ય ગુરુદેવ

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to
Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

356 SH... ITABEN M. A... RA
FT. MAL... A ROAD,
SITABA... AJMERA ...
NAGPUR-4400...